R.N.I. No. MAHBIL/2020/79181

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

## CDO PRAKASH SAMIKSHA

Since 1925... (Gujarati & English Bilingual) FORTNIGHTLY સળંગ વર્ષ ૯૮મું

VOLUME : 03 • ISSUE : 3 • PAGES : 28 • MUMBAI • DATE : 5TH DECEMBER 2022

BIL EDITION • YEARLY SUBSCRIPTION RS. 250/-



With Best Compliments from:

# MICROFINISH

Pumps • Valves • Automation




6D 0301 | 0045 | SIL 3 IEC 61508 | ATEX 94/9/EC

## MICROFINISH VALVES PVT. LTD.

**REGISTERED OFFICE:**
B-161/162, Industrial Estate,
Gokul Road, Hubballi - 580030,
Karnataka, India.
Tel: +91-836-2212404 / 2210611
Email - sales@microfinishgroup.com
Website - www.microfinishgroup.com

**WORKS:** Block no.23B, Plot no.1 to 6,
Hubballi - Dharwad Bypass Road,
Itigatti Village, Dharwad - 580114,
Karnataka, India.

Tel: +91-836-2310015/16/19/25

**BRANCH OFFICES:**
Ahmedabad, Baroda,
Bengaluru, Chennai,
Delhi, Hyderabad, Indore,
Kanpur, Kolkata, Mumbai,
Pune.

તંત્રી સ્થાનેથી

# ક.દ.ઓ. જ્ઞાતિ એટલે લોકશાહીનું મંદિર



કાર્ય. તંત્રી : એડ. ઉદયનભાઈ શાહ : ૯૮૨૧૦ ૦૪૨૬૯ (સાંજે ૫ થી ૯)

લગભગ ૧૯૪૦ / ૫૦ વચ્ચે એક કાનુની દાવામાં મુંબઈની વડી અદાલતે નોંધ્યું હતું કે આ જ્ઞાતિ આગળ પડતી છે, કેમકે એમની મહિલઓને પણ મત્તાધિકાર આપવામાં આવ્યો છે. (આ વાત મારા વડીલશ્રીના મુખે ઘણીવાર સાંભળી હતી.) આપણું પહેલું વસ્તીપત્રક પણ મને યાદ છે ત્યાં સુધી ૧૯૨૫થી ૪૦ના ગાળામાં બહાર પાડવામાં આવ્યું હતું. અને મેં એ પોતે જોયું છે અને વાંચ્યું છે. આધાર કાર્ડ બનાવવાની પ્રેરણા આપણા વસ્તીપત્રક પરથી તો નથી લેવામાં આવી ?

કચ્છમાં આપણી વસ્તીના દરેક ગામમાં મહાજનની પ્રથા વરસોથી અસ્તિત્વમાં છે. આ (ઉપરાંત દેરાસરના ટ્રસ્ટ, બેંક, વિદ્યાર્થીગૃહો, વિદ્યાર્થી સંઘ, યુવા સંઘો જુદા) આ ઉપરાંત દરેક નાના મોટા શહેરોમાં કદઓ મહાજન અને દેરાસરના ટ્રસ્ટો છે. આ ઉપરાંત ગૃહ ઉદ્યોગો, શાળા, બેંક, વિદ્યાર્થીગૃહો, વિદ્યાર્થી સંઘ, બુક બેન્ક, વૈદકીય સહાયતા અને લેબોરેટરી, પાલીતાણામાં મોટી ધર્મશાળાઓ, મંડળો, મહિલા મંડળો, આવાસ સંકુલો... આ બધાની યાદી બહુજ લાંબી છે. અને આ બધું કદઓ જ્ઞાતિએ ગર્વ લેવા જેવું છે.

આ બધી જાહેર સંસ્થાઓ એટલે મોટે ભાગે મહાજનો, બેંકો, મંડળોમાં ચૂંટણી યોજીને પદાધિકારીઓ નિમવામાં આવે છે. આપણે એમ માનીને ચાલીએ કે બધી સંસાથાઓને ચલાવવા એમનું લેખિત બંધારણ હશે. અને સંસ્થા બંધારણ પ્રમાણે જ ચાલતી હશે. બંધારણથી સંસ્થાજ નથી ચાલતી પણ એની માલ મિલકતોની પણ રખેવાળી થાય છે. જો કોઈ મહાજન કે સંસ્થાએ બંધારણ ન બનાવ્યું હોય તો સત્વરે બનાવી લેવું કેમકે કદઓ જ્ઞાતિની અસ્મિતા અને માલ મિલકતની રખેવાળી બંધારણથી શક્ય છે.

જાહેર સંસ્થાઓમાં અને મહાજનોમાં હવે પેનલ અને ગ્રુપ બનાવી ચૂંટણી લડવામાં આવે છે અને આવશે એ વાત સ્વીકારી લેવી. મોટેભાગે ખમતીધર માણસ જેની પાસે સમય, પૈસા અને માનવબળ છે એજ ચૂંટણી લડે છે. સારી વાત છે. પેનલમાં એક આગેવાન હોય છે અને એક સરખી વિચારધારા ધારવતા જ્ઞાતિજનોને એ પેનલમાં સામેલ કરે છે. પેનલમાં સરખી વિચારધારા એટલે કે જેમને મોટે ભાગે હોદો જોઈતો હોય અથવા તો પૈસા આપી શકતા હોય એ લોકો હોય છે. મોટેભાગે લોકો નાનું પણ પદ મળે તો ગૌરવ અનુભવતા હોય છે. આ જુગલ બંધીથી જો નાતનું ભલું થતું હોય, અસ્મિતા અને માલમિકલતોનું રખોપું થતું હોય તો બહુજ ઉત્તમ. જ્ઞાતિનું કામ થાય છે પણ ક્યારેક બહુજ ધીમી ગતીએ, ક્યારેક કોર્ટ કચેરીના દરવાજા ખખડાવવામાં આવ્યા પછી થાય છે. અને જો જ્ઞાતિની માલમિકલકતનું રખોપુ કરવા માટે કોર્ટમાં જવું પડે તો વાંધો નહિં. દરેક મહાજનની નૈતિક જવાબદારી છે કે જ્ઞાતિની માલમિકલત - દેરાસરોનું રખોપુ થવું જોઈએ. એનો લાભ બધા જ્ઞાતિજનોને મળવો જોઈએ.

હવે આ પેનલની જુગલબંધીની બીજી બાજુ જોઈએ. આમાં સમાન વિચારધારા એટલે કે આગેવાનની ભક્તિ કરવામાં જે આગળ પડતો હોય એને પણ લેવામાં આવે છે. ૨૦૧૪ સુધી આપણો દેશ આમજ ચાલતો હતો. આ ભક્તોએ સમજવું જોઈએ કે આગેવાન પ્રત્યેની ભક્તિ ઓછી થતાં કે વધારે સારો ભક્ત મળતાં તમને ચામાંથી જેમ માખી કાઢવામાં આવે એમ કાઢી નાખે છે. આ ભક્તો વગર વિચારે હા માં હા મેળવતા હોય છે. તેમના ભક્તો પોતાની મરજી મુજબ બધું કરે છે. બાકીના બધાએ મરજી કે નામરજીથી 'હા' પાડવી પડે છે. તેઓ પોતાના વિચારો પણ રજુ નથી કરી શકતા અને કરે તો ખબરદાર... તેમનો 'ઘડો લાડવો' કરી નાખવામાં આવે છે. એની પાસેથી 'માફી' પણ

## આદ્યતંત્રીઓ

**"પ્રકાશ"**

ડૉ. વેલજી પાશ્વીર ગોસર

**"સમીક્ષા"**

સનત્ શાહ અને ગોવિંદજી જીવરાજ લોડાયા

**"પ્રકાશ સમીક્ષા"**

સનત્ શાહ

રાયચંદ રતનશી નાગડા

**: તંત્રી :**

ડૉ. હીરાચંદ દામજી દંડ

**: તંત્રી મંડળ :**

કેશરસિંહ આણંદજી ખોના ઉદયન લાલજી લોડાયા

**ટ્રસ્ટ રજી. નં : F - 69260**

પ્રમુખ : ડૉ. હીરાચંદ દામજી દંડ

માનદ્મંત્રી : તેજસ બંકીમચંદ્ર લાલકા

કોષાધ્યક્ષ : હેમાંગ લાલજી શાહ (લોડાયા)

**અન્ય ટ્રસ્ટીઓ**

કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
કેશરસિંહ આણંદજી ખોના
પંકજ પ્રતાપ શાહ
તિલકચંદ કુંવરજી લોડાયા
શૈલેશ સનત્ શાહ
ઉદયન લાલજી લોડાયા
કિરીટ ખેતસી શાહ
જયંત વિશનજી છેડા


**કઠોર પરિશ્રમનો કોઈ વિકલ્પ નથી**


**વૉલ્યુમ : ૦૩, અંક : ૩, તા. ૦૫-૧૨-૨૦૨૨**



**: કાર્યાલય :**

પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું

**PRAKASH SAMIKSHA**

A/704, Remi Bizcourt, Plot No. 9,
Shah Indl. Estate, Off Veera Desai Road,
Andheri (W), Mumbai-400 053.

**: જાહેરાત સંપર્ક :**

હેમાંગ લાલજી શાહ

મો.: 99206 46846

E-mail : **kdoprakash@gmail.com**


### સરનામામાં ફેરફાર અંગે વિશેષ વિનંતી.

આપના રહેઠાણના સરનામામાં ફેરફાર અંગેની નોંધ હવેથી **kdoaddress@gmail.com** ઉપર મોકલવા.

**પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....**
**www.prakashsamiksha.com**

## પ્રકાશ-સમીક્ષાના જાહેરાત દર ૧ એપ્રિલ ૨૦૧૯ થી

### કલર પાનાની જાહેરાત

| પ્રકાર | સાઈઝ | કલર | GST 5% | ટોટલ |
|---|---|---|---|---|
| મુખપૃષ્ઠ | 167 x 190 mm | 11,000/- | 550/- | 11,550/- |
| આખું પાનું | 167 x 233 mm | 10,000/- | 500/- | 10,500/- |
| અડધું પાનું | 167 x 114 mm | 6,000/- | 300/- | 6,300/- |
| પા પાનું | 82 x 114 mm | 4,000/- | 200/- | 4200/- |

### બ્લેક એન્ડ વ્હાઈટ પાનાની જાહેરાત

| પ્રકાર | સાઈઝ | B/W | GST 5% | ટોટલ |
|---|---|---|---|---|
| આખું પાનું | 160 x 225 mm | 6,000/- | 300/- | 6,300/- |
| અડધું પાનું | 160 x 111 mm | 3,500/- | 175/- | 3,675/- |
| પા પાનું | 77 x 111 mm | 2,000/- | 100/- | 2,100/- |
| ૧/૮ પાનું | 77 x 54 mm | 1100/- | 55/- | 1155/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | 600/- | 30/- | 630/- |

ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા

### જાહેરાત/લવાજમ ભરવા અમારી બેંક અકાઉન્ટની વિગત નીચે મુજબની છે.

For NEFT Transfer
Type of Account : Saving
Account Number : 004003000002
Name of the Bank : Shri Arihant Co-op Bank Ltd.
Branch : Chinch Bunder, Mumbai - 400 009.
IFSC Code : ICIC00ARIHT (after ICIC it is zero zero)
MICR Code : 400800005
Name of the Account: Shri C D O Prakash Samiksha Samiti
For Mobile App Transfer
Our MMID Code : 8359011
You must write/mail separate letter giving payment reference number, amount and date of transfer.
For old subscribers-Just give your Subscription Number.
For New Subscribers - Give full residence address with native village (Kutch Halar).

જાહેરાત / લવાજમ મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.

જુના ગ્રાહકોએ ફક્ત ગ્રાહક નંબર મોકલવો.

નવા ગ્રાહકોએ હાલનું પૂરું સરનામું પોતાના (કચ્છ-હાલાર)ના ગામ સાથે લખી મોકલવું.

For Cheque Payment
Draw your cheque in the name of **"Shri C D O Prakash Samiksha Samiti"** and payable at par at Mumbai.

ચેકથી જાહેરાત/ લવાજમ ભરનારાઓને ચેક Shri C D O Prakash Samiksha Samiti નાં નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવો જોઈએ.

### વિશેષ નોંધ :

પ્રકાશ સમીક્ષામાં પ્રકાશિત થતા દરેક પ્રકારના લેખ અને મંતવ્યોમાં વ્યક્ત વિચારો જે તે લેખકના છે. પ્રકાશ સમીક્ષાનું તંત્રી મંડળ તે વિચારો સાથે સહમત છે તેમ માનવું નહીં.

– તંત્રી મંડળ

મંગાવવામાં આવે છે.

ભાઈ સમાજમાં મોટું નામ કરવું હોય તો પછી ભક્તિ કરવામાં કે માફી માંગવામાં નાનપ નહીં. બરાબરને! આગેવાનો પૈસાનો ધુમાડો કરે તો પણ વાંધો નહિં. વળી કહેશે કે 'પાંજે ભાવર અને ભેનરેલા કર્યું તા'' અરે એક વાત સમજો, કચ્છથી કન્યાકુમારી સુધી ભારતભરમાં શુક્ર, શનિ અને રવિવારે હોટલો, મોલ અને મોંઘા સિનેમા ઘરો ફુલ હોય છે. જો તમે ઘરની ધોરાજી ચલાવવાના હોતો પછી બંધારણ શું કામ છે ? અરે પણ બંધારણ ચાતરી શકાય છે,કેમકે અમે છીએ તો નાત છે.

નાતના માણસના ઉદ્ધાર માટે છેલ્લા ૨૦૦ વર્ષમાં ઘણા પ્રંસશનીય કાર્યો થયા છે. નાત આખા દેશમાં લગભગ સુખી હશે (આમાં સ્વાસ્થય ન ગણવું) પણ જરા દૂર સુદૂર રહેતા કે નાના ઘરોમાં રહેતા આપણા જ્ઞાતિજનોને સારા કપડાં, વાસણ કે ચુલાની જરૂર છે ? આ ક્યારેય તપાસ કરી છે ? મહેરબાની કરીને તમારા વાપરેલા કપડા કે સાધનો નહીં આપતાં. કોવિડ દરમ્યાન આપણે જોયું છે કે જરૂરતમંદ જ્ઞાતિજનોએ હાથ પણ લંબાવ્યો ન હતો. અને જેમને મદદ મળી હતી એવા એકબે ખુમારીવાળા જ્ઞાતિજનો મદદની રકમ પાછી વાળી આપી હતી. કોઈના ઘરમાં સમારકામની જરૂર છે ? કન્યાશાળામાં ભણતી દીકરીઓને શું આપણે ચાર જોડી નવા કપડાં અને એક જોડી પગરખા અપાવી શકીએ છીએ?

અહીંયા દાન આપવાની કે મદદ કરવાની વાત નથી. જ્ઞાતિની ખુમારીની અને મર્યાદાની વાત થાય છે. કોઈના ઘરનું ભાડુ ૪/૬ મહિના ભરી શકો છો ? ૨૦૧૪ પછી લોકશાહીએ કરવટ લીધી છે. દેશ બદલાયો છે. આ વાત સમજો ! વડા પ્રધાને બે ભાવિ વડા પ્રધાન તૈયાર રાખ્યા છે. તમે શું કરવા ઈચ્છો છો? નવી પ્રતિભાઓને તક આપશો ? નવી પ્રતિભાઓ તૈયાર છે કે પછી ભક્તોના મેળા સાથે ઘરની ધોરાજી ચલાવશો ? હોદ્દાની માયા પણ ગજબ હોય છે. ભલે તમે હોદ્દા ઉપર રહો પણ કાબીલ માણસોને તક આપો. જે સારા કામો તમેહાથમાં લીધા છે એ પુરા કરવામાં એમનો સહકાર લો, એમને માન આપો. જ્ઞાતિની પવિત્ર જ્યાઓની પવિત્રતા અને આમાન્યા જાળવો છો ? મેં આપણા મહાજનના ટ્રસ્ટીને કાનમાં કીડા પડી જાય એવી ગાળો બોલતાં સાંભળ્યા છે.

જ્ઞાતિના અદભૂત દેરાસરો અને અકસમ્યાતો હજી સુધી અકબંધ છે અને આમાં જરૂર એક દૈવિક શક્તિનો હાથ છે એનું અનુમોદન કરી, પોતાનો અહમ છોડી, ભક્તોની જ્યાએ જ્ઞાતિનું રખોપું કરી શકે એવા જ્ઞાતિજનોને આમંત્રો. જ્ઞાતિ એ તમારો હોદ્દો નથી. જ્ઞાતિ છે એટલે તમે છો.

---

## કલ્પવૃક્ષ




આજે હું ૮૩ વર્ષની છું. ૧૯૯૩/૯૪ માં અમારી પરિસ્થિતિ ખુબજ ખરાબ હતી. મારા પતિને ટી.બી.ની મોટા પાયે માંદગી હતી તેથી ટેલરીંગનુ કામ કરતા અને હું ઘરેથી ટિફિન ભોજન સર્વિસ ચલાવતી હતી ત્યારે રાયચુર મહાજનમાં રહેલા ડોક્ટર શ્રી મધૂકાંત રતનશી ધરમશી ખુબજ સેવાભાવી હતા. તેઓ કાયમ દવાઓ તેમજ બીજી રીતે ખુબજ મદત કરતાં. મારે ચાર છોકરી, છોકરાંઓનો ભણતરનો ખર્ચ, ઘર ભાડું ચૂકવવું, બધુંજ ખુબજ સંઘર્ષમય હતું. ત્યારે પવિત્ર કલ્પવૃક્ષ યોજનાની માહિતી લઈને રાયચુર મહાજનના અગ્રણીઓ બધાને ઘર ઘર જઈ સમાજને વૃક્ષો લેવા માટે આગ્રહ કરી રહ્યા હતા. મારે ત્યાં એ આવેલ અને ખુબ સરસ સ્કીમ છે, ચોવીસ સો રૂપિયાના અગીયાર વર્ષે એક લાખ રૂપિયા મળશે. તમે ગમે તે કરો તમારી કાયમની આર્થિક સ્થિતિ સુધરી જશે. મેં કહ્યું આટલાં બધાં રૂપિયા લાવું ક્યાંથી? તો કહવાયું કે સોનાના દાગીના હોય તો વેચીને વૃક્ષો ખરીદો. મેં મારા દાગીના વેચીને પાંચ વૃક્ષો લઈ લીધા. તેને આજે અઠાવીસ વર્ષ થઇ ગયા. વચમાં ૧૯૮૧ની સાલમાં મારા પતિ ગુજરી ગયા. મેં જેમતેમ કરીને પરિવારના સભ્યોના શિક્ષણ તથા લગ્નના પ્રસંગ કરી મારી ફરજ જવાબદારી પુરી કરી. મારે માંદગીના ખર્ચાઓના હિસાબે મને રૂપિયાની જરૂર છે. બધા મહાજનો તેમજ સમસ્ત મહાજનને મારી વિનંતી છે કે આ પ્રશ્નને જલદી પહેલ કરી અમને અમારા અધીકારના રૂપિયા પૂરેપૂરા અપાવી દે.

સમસ્ત મહાજને આજે સમાજમાં ખુબ સરસ મોટી ભૂમિકા ભજવવાની જરૂરત છે, તે પુરી કરવી જોઇએ. મિચ્છામિ દુક્કડમ

– રતનબાઈ માણીલાલ મૈશેરી – રાયચુર, કર્ણાટક
૮૭૮૦૯૭૪૦૯૩

।। શ્રી જીરાવલ્લા પાર્શ્વનાથાય નમઃ ।।　　　　　　　　　　　　　　।। શ્રી શામળીયા પાર્શ્વનાથાય નમઃ ।।



# શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન - તેરા
# શ્રી જીરાવલ્લા પાર્શ્વનાથ જૈન દેરાસર ટ્રસ્ટ, તેરા
# શ્રી તેકુલાધુ જૈન યુવક સંઘ, મુંબઈ



ઐતિહાસિક ધાર્મિક પ્રાકૃતિક

## શ્રી તેરા, કુવાપધર, લાખણીયા, ધુફી સહ નિયાણી પરિવાર સ્નેહમિલન

**શ્રી તેરા તીર્થે શ્રી શામળીયા જિનાલય દ્વિશતાબ્દિ મહામહોત્સવના વિવિધ ચડાવાઓનો સંગીતમય કાર્યક્રમનો આમંત્રણ**

### તારીખ - સ્થળ- સમય

**વૈશાખ સુદ ૧૧ (શાસન સ્થાપના દિવસ) તા. ૩૦–૪–૨૦૨૩ રવિવાર, સવારના ૮.૩૦ વાગ્યાથી**
**જૈનમ હૉલ, ગ્રાઉન્ડ ફ્લોર, એલ.બી.એસ. માર્ગ, ભાંડુપ (વેસ્ટ), મુંબઈ–૪૦૦ ૦૭૮.**

**-: નિશ્રા :-**
મુંબઈ પ્રદેશમાં વિચરંતા પ.પૂ. આ. ભગવંત, પદસ્થ સાધુ ભગવંતો સહ અન્ય સર્વે સાધુ-સાધ્વીશ્રી ભગવંત અને યતિશ્રી મોતીસાગરજી મ.સા.

**માર્ગદર્શન-સુત્રધાર કાર્યક્રમ સંચાલક અને સંગીતકાર**
લોકલાડીલા, નવકાર મંત્ર આરાધક, ૨૭ વર્ષીતપાધારક
**શ્રી નરેન્દ્રભાઈ નંદુ અને કચવન્ન–મેઘ ની બંધુ બેલડી**

શ્રી તેકુલાધુ પરિવારજનો, નિયાણી પરિવાર અને શ્રી ક.દ.ઓ. જ્ઞાતિજનો,

અમારો હૃદયનો મોરલો ટહુંકાર કરી રહ્યો છે, અમારા પ્રાણસમા, હૃદયસ્થ, ચમત્કારીક, સહુના આસ્થાધારક, તેરા તીર્થના લાડીલા એવા શ્રી શામળીયાજી જિનાલય ને ૨૦૦ વર્ષ પૂર્ણ થતા, અને તેની યથા યોગ્ય ઉજવણી કરવા, દ્વિશતાબ્દિ મહામહોત્સવ ઉજવવાના અમારા મનોરથ ફળીભૂત થવાના એંધાણ વર્તાઈ રહ્યા છે. પ.પૂ. અચલગચ્છાધિપતિશ્રીના આજ્ઞા આશિષ થી આવતા વર્ષે **તા. ૨૭ થી ૩૧ ડીસેમ્બર ૨૦૨૩** ના રોજ **પંચાન્હિકા દ્વિશતાબ્દિ મહામહોત્સવ** પ્રસંગે આપ સહુને પરિવાર, સગા-સંબંધી સહ તેરા તીર્થે પધારવા હૃદયપૂર્વકનું આમંત્રણ આપીએ છીએ.

અમારા રોમે રોમ માં વસનારા, અમારા મન મંદિરના પ્રાણ સમા, શ્રી જીરાવલ્લા અને શ્રી શામળીયા દાદાના અચિંત્ય પ્રભાવથી અને દેવ-ગુરૂ કૃપાથી ઉપરોક્ત કાર્યના મંડાણ અમોએ આદર્યા છે. આપ સહુનો તન-મન-ધન થી સાથ સહકાર આજ દિવસ સુધી મળ્યો છે અને મળતો રહશે એવી આશા નહિં પણ શ્રધ્ધા છે.

**❖ મહામહોત્સવના વિવિધ ચમકારાઓ - આયોજનોની એક આછેરી ઝલક ❖**

- જ્ઞાતિના પખાવાજ મંડળી સાથે અચલગચ્છાધિષ્ઠાયિકા શ્રી મહાકાળી માતાજી ના ભાવના
- નવગ્રહ પાટલા પૂજન, દશ દિક્ષપાલ પૂજન, અષ્ટમંગળ પૂજન
- વિવિધ ઔષધી સાથે અઢાર પાપસ્થાનક નિવારણ અઢાર અભિષેક
- વડિલ વંદના, ધાર્મિક હાઉસી, સાંસ્કૃતિક કાર્યક્રમ, ડાયરો, કવિ સમ્મેલન, નૃત્ય નાટીકા વગેરે
- રથયાત્રા, મહામહોત્સવની ધ્વજા, લઘુ શાંતિ સ્નાત્ર
- તેરા ગામ દર્શન, તેરાની સીમાડા ઉપર આવેલા બગીચા-વાડી ની મુલાકાત
- રાસ ગરબા - દાંડીયા - રાસ ● યુવાન-યુવતીઓ માટે ક્રિકેટ ટુર્નામેન્ટ ● ફન એન્ડ ફેઅર (કચ્છી મેળો)
- તેરા તીર્થ થયેલા વિવિધ મહોત્સવોના ફોટા અને તેકુલાધુ પરિવારમાં થી સંયમ પંથે વિચરેલા શ્રમણ-શ્રમણીઓનો દર્શનીય ખંડ
- લોગો કોમ્પીટીશન અને TAG LINE માટે સ્પર્ધા

આવા અનેક કાર્યકમોની વણઝાર હશે. મહામહોત્સવામાં પધારવા અત્યારથી જ તૈયારી કરવા વિનંતી.

**તા. ૩૦–૪–૨૦૨૩, રવિવાર ના ઉપરોક્ત મહામહોત્સવના સંગીતમય ચડાવા પ્રસંગે પધારવા ભાવભર્યું આમંત્રણ.**

કર્યું - કરાવ્યું અને અનુમોદયું તેના ફળ સરખાજ છે આપની હાજરીથી આ પ્રસંગ વધુ દીપી ઉઠશે. બહારગામ રહેતા તેકુલાધુ અને નિયાણી પરિવારજનો વહેલાસર ટ્રેન/પ્લેન/બસની ટિકીટ કઢાવી લેશોજી.

**તા. ૩૦–૪–૨૦૨૩ રવિવાર ના મુંબઈ ભાંડુપ મધે પધારવાની જવાબદારી આપણી.** આજ થી જ આપણે સહુ જોડાઈ જઈએ, એક બીજાને કહીયે, જય જીરાવલ્લા... જય શામળિયા... **તમે આવો છો ને ???**

મહામહોત્સવ પ્રસંગના આપના વિવિધ સુઝાવ, સુચનો અને કાર્યકર્તાઓ તરીકે આપણી હાજરી માટે ટ્રસ્ટીઓ અને પદાધિકારીઓનો સંપર્ક કરવી વિનંતી.

**લી. શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન – તેરા**
**શ્રી જીરાવલ્લા પાર્શ્વનાથ જૈન દેરાસર ટ્રસ્ટ, તેરા**
**શ્રી તેકુલાધુ જૈન યુવક સંઘ, મુંબઈ**



# ચલતે... ચલતે...



સંશોધનકાર : શ્રીમતી હીરા નેણશી ખોના
મો. : ૯૮૨૦૧ ૭૩૯૭૫

ભાગ - ૨૩

લેખક : સોમ ધરમશી
મો. : ૯૭૨૬૭ ૭૬૬૨૭

## ''જીવનની અનોખી પાઠશાળા-૫''




(ઉપરના ફોટામાં ડાબેથી શ્રી પ્રવિણ નરશી દંડ (બોસ), શ્રી દિપકભાઈ દામજી પોલડીયા (સહ-માનદ્‌મંત્રી), પધારેલ વક્તા, શ્રી તિલોકચંદ નરશી દંડ, શ્રી મણિલાલ મોતીલાલ લાપસિયા (માનદ્‌મંત્રી) અને વક્તવ્ય આપતા શ્રી સોમ ધરમશી)

બીજા દિવસે સવારનાં ૯=૦૦ વાગે શરુ થનારું યુવા સંમેલન લગભગ ૯=૩૫ સે શરુ થયું. આજુબાજુનાં ગામો માંથી હજી યુવા આવવાનાં બાકી હતા. ૯=૩૫ મિનીટે આપણા સમારોહની રીત-રસમ મુજબ પ્રથમ શ્રી સુમતીનાથ દાદા, (૨) અચલગચ્છની અધિષ્ઠાયીકા પૂ. મહાકાળી મા, (૩) પ્રાતઃ સ્મરણીય શેઠશ્રી નરશી નાથા ઈત્યાદીના ફોટોને પુષ્પમાળા અર્પણ કરી આશિર્વાદ લેવામાં આવ્યા.

ત્યારબાદ મલકાપુરની જ પાંચ બાલિકાઓએ શ્રી નવકાર મંત્ર અને પંચ પરમેષ્ઠી મંત્રની ધુન બોલાવી.

સમારોહને વિધિવત ચાલુ કરવા દિપ શિખાનું પ્રજ્વલન કરવા પધારેલા મહેમાનો (એમા હું પણ એક)ને આમંત્રણ આપવામાં આવ્યું અને બાલિકાવૃંદ પંચમ સૂરમાં ગાઈ ઉઠ્યું ''ઊંડા અંધારેથી પ્રભુ પરમ સત્યે તું લઈ જા.''

વ્યાસપીઠ પર શ્રી તિલોકચંદભાઈ દંડ, શ્રી ચન્દ્રકાન્તભાઈ લોડાયા, સહમંત્રી શ્રી દિપક પોલડીયા, મુખ્ય મહેમાન શ્રી શાંતિલાલ શિયાળ તથા અમે આવેલ ચાર આમંત્રિતોની દોરવણી કરી બિરાજમાન કર્યા. શ્રી અધ્ધાએ પોતાનું સ્થાન પ્રેક્ષકગણમાં સ્ટેજ અને પ્રતિનિધિઓની વચ્ચે ૪૫ અક્ષાંસ પર લીધું.

સમારોહ પ્રમુખશ્રી તિલોકભાઈએ સમારોહ શરુ કરવાની અનુમતિ આપી. ભુતપૂર્વ રોટરી ગર્વનર શ્રી ચંદ્રકાંતભાઈએ યુવા સમારોહની મહત્તાની રૂપરેખા બાંધી અને પ્રથમ વક્તા તરીકે શ્રી મણીલાલ લોડાયાને આમંત્રણ આપ્યું. તેમને આપવામાં આવેલ ૪૫ મિનીટમાં ૩૦ મિનીટમાં માર્ગદર્શન અને ૧૫ મિનીટ પ્રતિનિધિઓ સાથે સવાલ-જવાબનો દોર રાખવા કહેલ. ''ભવિષ્યમાં નોકરીક્ષેત્રે અને ધંધાક્ષેત્રે ઉઘડતી નવી દિશાઓ અને રાજ્ય સકાર તરફથી જુદી-જુદી યોજનાઓ.'' શરુઆતમાં તો કોઈ બોલવા તૈયાર ન થયા પણ એકાદ બે પ્રતિનિધિઓને મેં પુછ્યું- ''તારે શું કરવું છે ધંધો કે નોકરી'' અને પછી તો શ્રી મણિલાલભાઈ પાસે પ્રશ્નોનો ખડકલો સર્જાયો.

શ્રી અધ્ધાનાં મુખ ઉપર મેં એક હાસ્યની રેખા જોઈ. ત્યારબાદ શ્રી દિનેશ દંડે પોતે લાવેલા સાધનોથી એક્યુપંચર વિશે સમજ આપી અને પ્રેક્ષકોમાંથી બે-ત્રણને સ્ટેજ પર જ સુવડાવી સારવાર આપી.

શ્રીમતી ઉષા ધુલ્લા બપોરનાં જુદી-જુદી રમતો રમાડનાર હતા તેથી મારા હાથમાં સમારોહનો દોર આવ્યો.

માઈક હાથમાં લઈ, સ્ટેજ પરથી નીચે ઉતરી હું મારા ''ઈન્સપાયર'' થયેલ યુવાઓની વચ્ચે ઉભો રહ્યો અને કહ્યું કે ''હું કોઈ વક્તવ્ય આપવાનો નથી પણ તમારી પાસેથી કાંઈક શીખવાનો છું અને તે પણ જુદી-જુદી રમતો રમીને... રમશો ને ? અને હોલ ''હા'' નાં હોંકારાથી ગાજી ઉઠ્યો. પહેલી

(વધુ પેજ ૧૦ પર...)




(મહારાષ્ટ્ર એકમના યુથ વિંઝન-૨૦૦૦ના કાર્યક્રમમાં પ્રતિનિધિઓની વચ્ચે ચર્ચા કરી રહેલ સુત્રધાર શ્રી સોમ ધરમશી)

એક પાનાના વાર્ષિક શુભચિંતક દાતા : હંસ બી. ખીમજી - તેરા (માટુંગા). સમય સોનાથી પણ વધુ મુલ્યવાન છે.

U M KHONA AND COMPANY

CLEARING | FORWARDING | LOGISTICS

AEO
भारतीय सीमा शुल्क
INDIAN CUSTOMS

COMMITMENT TO EXCELLENCE



OUR PRESENCE AT:

- MUMBAI
- JNPT
- HAZIRA
- KOLKATA
- HALDIA
- CHENNAI
- KANDLA
- MUNDRA
- PIPAVAV

U M KHONA AND COMPANY
1011, Universal Majestic,
Behind RBK International Academy,
Off Ghatkopar – Mankhurd Link Road,
Chembur, Mumbai 400 088.

Email : harsh.lapsia@umkhona.com
Tel : +91 22 6155 9999 / +91 98190 30311
Fax : +91 22 6155 9955

jayant.lapsia@gmail.com
Tel.: 6155 9901

www.umkhona.com

CB: 11/189

આરોગ્ય પ્રકાશ

# ખનીજ તત્વો અને શક્તિથી ભરપૂર ખજુર



- ડૉ. વીરચંદ લખમશી નાગડા,
M.B.B.S. (મુંબઇ), **M : 8369077978**

ખજુરની જુદી જુદી ૩૫૦ પ્રકારની જાત મળે છે. મુખ્ય બે પ્રકાર કાળી ખજુર અને લાલ ખજુર. ખજુર ખાસ કરીને ઈરાન, ઈરાક મધ્યપૂર્વના દેશોમાં થાય છે. ત્યાંથી ભારતમાં આવે છે. ખરો સ્વાદ અને મજા તો ઈરાકની ખજુરમાં હોય છે. તદ્દ્‌ન નાના ઠળિયાવાળી, નરમ કાળી ખજુર મોંમા મૂકતાં જ ઓગળવા માંડે તેવી પણ મળે છે. અગાઉ ખજુર હોળીના સમયે અને રમઝાન મહિનામાં મળતી પણ હવે તો ઠંડીના દિવસોમાં ઘણા સમય સુધી મળે છે. ખજુર ઉનાળામાં પણ ખાઈ શકાય પણ ખજુર ૨-૩ પીસી જ ખવાય, નહિં તો ઉનાળામાં ખવાયેલ ખજુર ગરમ પડે તો નુકશાન થાય. કેટલાક ઠળિયા વગરની (સીડલેસ) ખજુર પસંદ કરે છે અને તે મોંઘી હોતા તે વધુ પોષક છે એમ માને છે પણ આયુર્વેદની દૃષ્ટિએ ઠળિયાવાળી ખજુર જ વધુ પોષક હોય છે. ડાયાબીટીઝવાળી વ્યક્તિ પણ બે થી ત્રણ પીસી ખજુર ખાય તો કાંઈ તકલીફ થતી નથી. એમાં કુદરતી સાકર હોય છે તે સહેલાઈથી પચી જાય છે.

ખજુરમાં પોણો ભાગ કુદરતી સાકર (ગ્લુકોઝ) હોય છે. ખજુર ખાધા પછી તરત જ આ સાકર સરળ રીતે પચી જાય છે અને લોહીમાં ભળી જાય છે. સામાન્યતઃ ગળ્યા પદાર્થ પોષણ અને ગરમી આપે છે, ખજુર પોષણ સાથે ગરમી આપે એટલે શિયાળામાં વધુ ફાયદો કરે. ખજુરમાં શક્તિ આપનાર ગ્લુકોઝ અને પાચકતત્વો ખૂબ હોય છે. ૧૦૦ ગ્રામ ખજુરમાં ૭૫ ગ્રામ કાર્બોહાઈડ્રેટસ, ૧.૮૦ ગ્રામ પ્રોટીન, ૬.૭ ગ્રામ ફાયબર, ૨.૭ ગ્રામ મેગ્નેશ્યમ ઉપરાંત લોહતત્વ, ફોસ્ફરસ, કેલશ્યમ, પોટેશ્યમ, સોડિયમ, વિટામીન 'એ''બીપ' અને 'સી' હોય છે. આમ આ સર્વે તત્વોને લીધે શિયાળામાં ઠંડી દરમ્યાન નિયમિત રીતે ખજુરનું સેવન થાય તો શરીર સુદૃઢ બને છે. શરીરને લાગેલ આખા વર્ષનો ઘસારો દૂર થાય છે. ખજુર ઘી સાથે ખવાય પણ જેને ઘી ખાવાની મનાઈ હોય તેમણે એમને એમ જ કે દૂધમાં નાખી ખાવી. કાળી ખજુર કોઈ પણ ટોનિક કરતાં ચઢિયાતી છે, પણ કાળી ખજુર અતિ ગરમ હોવાથી ફકત બે થી ત્રણ પીસી જ રોજની ખાઈ શકાય. ખજુર ખાવાથી આખો દિવસ સ્ફુર્તિ રહે છે. નબળાઈ લાગતી નથી. પેટ સાફ આવે છે, જુની કબજીયાત દૂર થાય છે, હૃદય સ્વસ્થ અને તંદુરસ્ત બને છે. જેને વધુ થાક લાગતો હોય તેણે રોજ દૂધ સાથે ખજુર ખાવી.

ખજુરમાં રહેલ કેલશ્યમને લીધે હાડકા, દાંત મજબૂત થાય છે. ખનીજ તત્વોને લીધે યાદશક્તિ વધે, મગજ તંદુરસ્ત બને, તેમાં રહેલ પોટેશ્યમને લીધે મગજ વિકસિત કરે, એમાં પ્રોટીન હોવાથી વજન વધારે, (વધુ વજનવાળાને ખજુર ન લેવી) શરીરની વૃધ્ધિમાં મદદ કરે, તેમાં રહેલ લોહતત્વને લીધે લોહીની ઉણપ (એનિમિયા) દૂર થાય. એમાં રહેલ મેગ્નેશ્યમ, પોટેશ્યમ હાઈ બી.પી. ઘટાડે. વિટમિન 'એ'ને લીધે રતાંધણાપણામાં ફાયદો થાય. વિટામિન 'સી' અને 'બીપ'ને લીધે વાળ ખરતાં અને જલ્દી સફેદ થતાં અટકે. પેટને લગતા કેન્સરને અટકાવે.

ખજુરનો ઉપયોગ કેવી રીતે કરી શકાય ?

(૧) રાત્રે દૂધમાં ૩ થી ૫ પીસી ખજુર ભીંજવી રાખો. સવારે તેને મસળી કે મિક્સચરમાં ફેરવી તેમાં ગરમ દૂધ ઉમેરી પી શકાય. ખજુરને લીધે દૂધમાં સાકર નાખવાની પણ જરૂર નહિં પડે. આ દૂધમાં થોડી ઈલાયચી અને કેસરના બે તાંતણા રાત્રે જ નાખી દેશો તો એ દૂધ અતિ સ્વાદિષ્ટ બનશે.

(૨) ખજુરની ૬ પીસી પાણીમાં બે કલાક પલાળી, શ્રીફળનાં પાણી અને નાળિયેરના નાના નાના ટૂકડા કરી મિક્ચરમાં ફેરવી તેમાં ઈલાયચી પાવડર નાખી, આ શરબત નાસ્તામાં બાળકને (ભેળસેળવાળા દૂધ આપવા કરતાં) આપવું ઉત્તમ રહેશે. આ શરબત પૌષ્ટીક, સ્વાદિષ્ટ અને જલ્દી પેટ ભરાય તેવું હોવાથી બિસ્કીટ - પાઉં જેવા નાસ્તાથી પણ દૂર રાખી શકાય અને તેને લીધે આરોગ્ય જળવાય. નાના મોટા સૌ આ શરબત પી શકે.

(૩) એક કપ પાણીમાં ખજુરની ચાર પીસી પલાડી, ચોળી, તેમાં એક લીંબુ નિચોવી તેમાં સહેજ મીઠું, મરી અને ધાણાજીરું નાખી ઠંડીના દિવસોમાં રોજ સવારે બાળકને આપીએ તો તેનો વિકાસ ઝડપથી થાય છે.

(૪) ખજુરપાક અને ચ્યવનપ્રાસ એક એક ચમચી દિવસમાં સવાર સાંજ બે વખત લેવાથી અતિ અશક્ત વ્યક્તિ

કે ક્ષય (ટી.બી.)ના દર્દી ઝડપથી સારા થશે.

(૫) ૩ પીસી ખજુરને ૧ કપ દૂધમાં ઉકાળી તેમાં અડધી ચમચી સૂંઠ, અડધી ચમચી મેથી અને અડધી ચમચી શુદ્ધ ઘી નાખી સવાર સાંજ લેવાથી સાંધાના દૂ:ખાવામાં ઘણી રાહત મળે છે. આ પ્રયોગ ત્રણેક મહિના કરવા સાથે જે સાંધો દૂખતો હોય તેની કસરત કરવી ખૂબ જ જરૂરી છે.

(૬) ૩ પીસી ખજુર દૂધમાં ઉકાળી તેમાં એક ચમચી ચોખ્ખું મધ (મોટે ભાગે બજારમાં મીલાવટવળા મધ મળે છે જે લેશો તો નુકશાન થાય) અને એક ચમચી ગુલકંદ (ઘરે બનાવેલ ખડી સાકરવાળો ગુલકંદ ઉત્તમ) સવાર સાંજ પીવાથી આંખનું તેજ વધે છે. મગજમાં ઠંડક રહે છે. મંદ પડેલી યાદશક્તિ સતેજ થાય છે. ડાયાબિટીઝવાળા એ આ પ્રયોગ ન કરવો.

(૭) નબળા પડેલા દાતના પેઢા કે દાંતમાંથી લોહી નીકળતું હોય કે વાળ વધુ ખરતાં હોય તો ૬ પીસી ખજુર, ૧ ચમચી ચોખ્ખું મધ અને ૧ ચમચી કેસરીજીવન લેવાથી ફાયદો થાય છે. આ પ્રયોગ ૬ થી ૮ મહિના કરવો.

(૮) ૩ પીસી ખજુર ને ૧ કપ દૂધ લઈ, તેમાં ૧ ચમચી હળદર નાખી ઉકાળી સવાર સાંજ ૬ મહિના લેવાથી ચહેરા તથા શરીરની ત્વચાના રંગમાં નિખાર આવી ગોરાપણું દેખાય છે.

અડદીયા, સાલમપાક ન બનાવી શકતાં લોકો માટે ખજુર એ શ્રેષ્ઠ શિયાળુપાક છે. આમ આ શક્તિશાળી ખજુર ઠંડી દરમ્યાન ખાઈને એના ફાયદા મેળવો.

## જાહેરાતદારોને નિવેદન

આપ જ્યારે જાહેરાતની મેટર મોકલાવો ત્યારે તેની સાથે બીલ કોના નામનું જોઇશે તે જણાવશો. સાથે આપનું સરનામું, કોન્ટેન્ટ પર્સનનો મોબાઇલ નંબર અચૂક મોકલવા વિનંતી. પેમેન્ટ મોકલ્યા પછી પેમેન્ટ ટ્રાંજેક્શન સ્લીપ કે પે સ્લીપ સાથે મોબાઇલ નંબર મોકલવા જેથી રકમ આપના ખાતામાં જમા લઇ શકાય.


**શ્રી મહાવીર એમ્બ્રો. – માટુંગા**

**હાથ અને મશીન પારસી સાડીઓ - કુર્તિ, તૈયાર તેમજ તમારા ઓર્ડર મુજબ અલ્ટ્રેશન અને કસબ વર્ક ફક્ત ઓર્ડરથી**

રાજ નિકેતન બિલ્ડીંગ, ફુલગલ્લીની સામે, HDFC બેંકની બાજુમાં, માટુંગા.
ફોન : ૨૪૦૨ ૫૦૭૦, સોમવાર બંધ
મો.: ૮૬૫૨૨ ૩૯૫૩૭ / ૯૮૩૩૯ ૧૬૫૧૦


**(પેજ ૭ પરથી ચાલુ...)**

રમત હતી "કૌન બનેગા નેતા ?" મેં એક પ્રતિનિધિને બોર્ડ પાસે ઉભો કર્યો અને બોર્ડ ઉપર એક તરફ નામ અને બીજી તરફ વિશેષતા લખવા કહ્યું.

હવે એક પછી એક પ્રતિનિધિને તેમને ગમતો જુદા-જુદા ક્ષેત્રનો લીડર (નેતા) અને તેની કઈ વિશેષતા તમને ગમે છે તે બોર્ડ પર આવી લખવા જણાવ્યું. થોડીવારમાં લગભગ ૧૫ થી ૨૦ ભાગ લેનાર વ્યક્તિઓએ એક સારા નેતા બનવાની વિશેષતાઓ લખી. તે પછી એક-એક વિશેષતાનું, ભાગ લેનારા પાસેથી પૃથ્થકરણ કરાવી એક સારા નેતાની ૧૫ થી ૨૦ વિશેષતાઓની હારમાળા બનાવી ભાગ લેનારા પ્રતિનિધિઓને આપી. અહીં ભોજનનો સમય થયો હોવાથી અમારી રમત બંધ પડી.

ભોજન કરવા માટે સંચાલકોએ આમંત્રિતના ખંડમાં પધારવા કહ્યું, પણ મેં ઈશારો કરી મારી સાથે આવેલા મિત્રોને ત્યાં જવા વિનંતી કરી અને હું જ્યાં પ્રતિનિધિઓ માટે વ્યવસ્થા હતી ત્યાં મારો પોતાનો ફીડબેક લેવા ગયો.

અહીં દરેક પ્રતિનિધિ ઉત્સાહથી આજના કાર્યક્રમની ચર્ચા કરતો હતો અને આવા જ કાર્યક્રમો ભવિષ્યમાં એકમ આયોજીત કરે તો વિશાળ સંખ્યામાં ગામેગામથી પ્રતિનિધિઓ પધારશે તેવો વિશ્વાસ પ્રગટ કર્યો, લગભગ મારું અડધુ કાર્ય પુરું થયાના સંતોષથી મારું હૃદય પૂલકિત થઈ જમણવારની ડિસ લેવા તૈયાર થયું.

અહીં મને પાછા ગઈકાલે સ્ટેશન પર લેવા આવેલા ગમછો વીંટાળેલા ભાઈ દેખાણાં, વધુ કાંઈ પુછું તે પહેલાં "બોસ"નાં ઈશારા પર આમંત્રિતોનાં ખંડમાં પીરસવા સરકી ગયા. (વધુ આવતા અંકે....)




**(ઉપરોક્ત ફોટામાં ડાબેથી શ્રી પ્રવિણ દંડ (બોસ), શ્રી ચંપકભાઈ રાયચંદ જીવાણી, ઉભેલામાં પ્રથમ શ્રી કિરીટભાઈ લાપસિયા (રવા), શ્રી ઉત્તમચંદભાઈ ખોના (સાંગલી), શ્રી દિપકભાઈ પોલડીયા)**

**શબ્દ કોયડો**

# ધર્મસંદેશ - તા. ૦૫-૧૨-૨૦૨૨

રચયિતા : જયકાંત મોતા - તેરા (ઘાટકોપર)
મો. : ૯૮૧૯૬ ૨૮૩૮૨





**આડી ચાવીઓ :**

૧) પ્રભુ (૩)
૩) પક્ષાલના દુહામાં કોનું નામ આવે ? (૩)
૫) એક અષ્ટમંગળ (૩)
૬) ગૌતમ સ્વામીએ કોને ખીરનું ભોજન કરાવેલ (૩)
૮) નેમિનાથના સંસારી ભાઈ (૪)
૧૧) આ આઠ પ્રકારના હોય (૨)
૧૩) ૧૪૪૪..... વાળું રાણકપુરનું જિનાલય (૨)
૧૪) કચ્છના તેરાના જીનલાયના મુળ નાયક (૪)
૧૫) કર્મોના ભેદ કેટલા? (૧)
૧૬) કચ્છમાં આવેલ ચંદ્રપ્રભુનું જિનાલય (૨)
૧૮) ૧૦૮ પાર્શ્વનાથમાંના એક (૩)
૨૦) મહારાષ્ટ્રમાં આવેલ મણિભદ્રાનું ચમત્કારિક તીર્થ (૩)
૨૨) ઈંદોર પાસે અવેલ પાર્શ્વનાથનું તીર્થ (૨)
૨૩) જગડુશાએ .....નું મહત્વ વધાર્યું (૨)
૨૪) છાણીમાં આવેલ ૧૦૮ પાર્શ્વનાથમાંના એક (૩)
૨૭) પાટણમાં આવેલ ૧૦૮ પાર્શ્વનાથમાંના એક (૨)
૨૮) મહાકાળી માતાનું તીર્થ (૪)
૩૦) ૧૦૮ પાર્શ્વનાથમાંના એક (૩)
૩૧) કંબોઈના મુળનાયક (૫)
૩૨) આદીનાથની પુત્રીઓ કેટલી ? (૧)
૩૩) કાળચક્રના ભાગો કેટલા ? (૧)

**ઊભી ચાવીઓ :**

૧) પ્રતિમા (૪)
૨) શિતલનાથના પિતા (૪)
૪) તપસ્વીઓની ..... પૂછાય (૨)
૫) વચનના દોષ કેટલા ? (૨)
૭) એક પ્રભાવનાની ખાવાની વસ્તુ (૩)
૯) રાણકપુરના જીનાલયમાં આવેલ ઘણા બધા.... (૨)
૧૦) મલ્લીનાથનું જન્મસ્થળ (૩)
૧૧) આવો આવો પાર્શ્વજી મુજ....... (૩)
૧૨) ..... ભાવ કેળવો (૨)
૧૬) સિદ્ધભગવંત જ્યાં બિરાજમાન હોય તે જીનાલયની ધજાનો રંગ વચમાં ....... હોય (૨)
૧૭) આ જીનાલયમાં ૧૦૨૪ મુર્તિઓ હોય (૫)
૧૮) શંત્રુજ્યનો છેલ્લો ઉદ્ધાર ..... રાજા કરાવશે (૬)
૧૯) ૧૦૮ પાર્શ્વનાથમાના એક (૨)
૨૦) અનંતનાથના યક્ષ (૩)
૨૧) પાલીતાણા જવા આ સ્ટેશને ઉતરાય (૪)
૨૫) ચંદ્રપ્રભુના પિતા (૪)
૨૬) ભવોભવ તુમ ચરણોની ..... (૨)
૨૮) રાજસ્થાનમાં આવેલ નવલખા પાર્શ્વનાથનું તીર્થ (૨)
૨૯) આ ચાર છે ? (૨)

---

**ધર્મસંદેશ - ૨૦.૧૧.૨૦૨૨ના જવાબો : આડી ચાવીઓ :** (૧) ગણધર (૪) શતાવરી (૬) મગ (૭) ગજ (૯) નર (૧૦) વારાણસી (૧૩) ચાર (૧૪) રાણા પ્રતાપ (૧૭) છ (૧૮) ઈશ્વર (૨૦) આદેશ્વર (૨૧) મમ્મણ શેઠ (૨૩) બે (૨૪) બે (૨૭) બાદર (૨૯) વહાણ (૩૦) યશોધર **ઊભી ચાવીઓ :** (૧) ગદગ (૨) ધજા (૩) સગર (૪) શનિવાર (૫) વહાણ (૬) મન (૮) જયણા (૧૧) સીતા (૧૨) પિતા (૧૩) ચાડી (૧૪) રામલા બારોટ (૧૫) પ્રતિક્રમણ (૧૬) ઈશ્વર (૧૮) ઈશ્વર (૧૯) મણ (૨૦) આઠ (૨૨) શેત્રુંજય (૨૫) ચોદ (૨૬) ત્રણ (૨૮) રથ.

શ્રી જાહેરપીર દાદાને નમઃ | જય શ્રી સચ્ચા માતાય નમ: | શ્રી આદિનાથ દાદાય નમઃ

# શ્રી સચ્ચામા દંડ પરિવાર સેવક ભરૂડીયા સોળમી સમૂહ પહેડી તથા સ્નેહમિલન પ્રસંગે પધારવા ભાવભર્યું આમંત્રણ

**આપણા કુળદેવી શ્રી સચ્ચા માતાના સાદને ઉરના ઉમંગથી વધાવવા સમસ્ત સેવક ભરૂડિયાના દંડ પરિવારના ભાવિકો તથા નિયાણી બહેન, દિકરીઓને સહપરિવાર પધારવા શ્રી સચ્ચામા દંડ પરિવાર તથા લાભાર્થી પરિવાર તરફથી નેહ નીતરતું નિમંત્રણ છે.**

**: શુભ દિવસ :**
રવિવાર, તા. ૦૮.૦૧.૨૦૨૩
સમય : સવારે ૮:૩૦ થી સાંજે ૮:૩૦ સુધી

**: શુભ સ્થળ :**
જૈનમ ક્લાસિક એસી હોલ ( ગ્રાઉન્ડ ફ્લોર), S.B.I. બેંકની બાજુમાં,
બી. ટી. એમ. કમ્પાઉન્ડ, L.B.S. માર્ગ, ભાંડુપ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૭૮.

**: સંપૂર્ણ પહેડી પ્રસાદ તથા સ્નેહમિલનનો મોંઘેરો લાભ લેનાર પરિવાર :**

## દંડ પરિવારની કુળવધુઓ - સેવક ભરૂડીયા

| | | | |
|---|---|---|---|
| અ. સૌ. અલ્કા રાજુ દંડ | અ. સૌ. હંસા દિનેશ દંડ | અ. સૌ. કોકિલા મુલચંદ દંડ | અ. સૌ. રેખા મુકેશ દંડ |
| અ. સૌ. અનસુયા સચિન દંડ | અ. સૌ. હેમાંગી અમિત દંડ | અ. સૌ. મનીષા નિલેશ દંડ | અ. સૌ. રૂપાલી ચંદ્રેશ દંડ |
| અ. સૌ. અરૂણા અશ્વિન દંડ | અ. સૌ. હિરલ હિતેશ દંડ | ગં. સ્વ. મીતા હિરેન દંડ | અ. સૌ. શ્રદ્ધા હિતેશ દંડ |
| અ. સૌ. ભાવિની જતીન દંડ | અ. સૌ. હિરલ પ્રિતેશ દંડ | અ. સૌ. મોનિકા દર્પણ દંડ | અ. સૌ. શ્વેતા પ્રતીક દંડ |
| અ. સૌ. ભાવના કેતન દંડ | અ. સૌ. જલ્પા ચેતન દંડ | અ. સૌ. નયના હરીશ દંડ | અ. સૌ. ઉન્નતિ સચિન દંડ |
| અ. સૌ. ભવ્યા ખીલીન દંડ | અ. સૌ. જીનાલી દેવાંગ દંડ | અ. સૌ. પૂનમ અમિત દંડ | અ. સૌ. ઉર્મિલા અશોક દંડ |
| અ. સૌ. ચંદ્રિકા લલિત દંડ | અ. સૌ. કાજલ કલ્પેશ દંડ | અ. સૌ. પ્રાચી જીગ્નેશ દંડ | અ. સૌ. ઉર્વી અલ્પેશ દંડ |
| અ. સૌ. છાયા પિયુષ દંડ | અ. સૌ. કાજલ પારસ દંડ | અ. સૌ. પ્રીતિ નરેન્દ્ર દંડ | અ. સૌ. વૈશાલી વિમલ દંડ |
| અ. સૌ. ડિમ્પલ મયુર દંડ | અ. સૌ. કરિશ્મા મયુર દંડ | અ. સૌ. પ્રિયા વિરલ દંડ | અ. સૌ. વર્ષા સજલ દંડ |
| અ. સૌ. દીપ્તિ વિશાલ દંડ | અ. સૌ. કવિતા વિજેશ દંડ | ગં. સ્વ. પુષ્પા રજનીકાંત દંડ | અ. સૌ. યામિની અજય દંડ |

કુળદેવી શ્રી સચ્ચામાની વરસી રહેલી અસીમ કૃપા તેમજ કુટુંબીજનો તથા નિયાણી બહેન દિકરીઓના સાથ સહકારથી સોળમી સમૂહ પહેડી તથા સ્નેહમિલનનું મંગલકારી ભવ્યથી ભવ્ય પ્રસંગ આપણે શ્રી સચ્ચામા દંડ પરિવાર તથા લાભાર્થી પરિવાર સાથે ભક્તિભાવ અને આનંદ ઉલ્લાસથી ઉજવીશું. આ શુભ પ્રસંગે નેહા શૈલેષ ગડા અને સાથી કલાકારો ભક્તિ સંગીત અને રાસ-ગરબાની રમઝટ જમાવશે. આ પ્રસંગે કોઈપણ ભાવિકોને વ્યક્તિગત કે સમુહમાં સાંસ્કૃતિક કાર્યક્રમ કરવો હોય તો તેમણે તા.૨૦.૧૨.૨૦૨૨ પહેલા સંપૂર્ણ વિગત સાથે કાર્યકરોને જાણ કરવા વિનંતી .

**: કારોબારી સભ્ય :**

| | | | |
|---|---|---|---|
| પંકજ પ્રવીણ દંડ - | ૦૯૦૦૪૮૪૧૨૨૨ | અલ્પેશ ગિરીશ દંડ - | ૦૯૮૨૦૦૫૭૫૯૮ |
| ચેતન પ્રવીણ દંડ - | ૦૯૮૨૧૩૫૦૯૫૨ | ચંદ્રેશ જયંતીલાલ દંડ - | ૦૮૩૬૯૧૬૧૭૮૭ |
| મયુર વિનોદ દંડ - | ૦૯૬૧૯૬૬૬૧૧૧ | વિકાસ ધનકુમાર દંડ - | ૦૯૧૬૭૨૩૫૦૬૧ |
| દર્પણ નેમચંદ દંડ - | ૦૯૩૨૧૦૫૭૫૯૮ | મયુર સુરેશ દંડ - | ૦૯૮૧૯૬૬૩૫૫૫ |

**નોંધ :** જે ભાવિકો તથા નિયાણી બહેન, દિકરીઓના સરનામાં તથા ફોન નંબર બદલાયા હોય તો કાર્યકરોને જાણ કરવા વિનંતી.

**- શ્રી સચ્ચામા દંડ પરિવાર અને દંડ પરિવારની કુળવધુઓના જય માતાજી**

## સિનિયર સિટિઝન

નિવૃત્તિ પછી ઘરમાં ૨૪ કલાક રહેવાનું હોય છે. બાળકો મોટા થઈને નોકરી કરતા થઈ ગયા હોય છે. કોઈ જગ્યાએ પુત્રવધુ પણ નોકરી કરતા હોય છે. ત્યારે ઘરમાં ઘર ચલાવવાની બધીજ જવાબદારી વડીલો પર આવે છે. દિકરા અને વહુને સવારે અને સાંજે જમવાનું તૈયાર મળે એટલે તેઓ બેફિકર બની ઘરનો બધોજ બોજ માતા પિતા પર નાખી ફરતા હોય છે. આ સમયે સમજદારી ના દાખવી તો માતાપિતાને કામવાળા તરીકે ગણી લે છે. એક વાર્તા જોઈએ જેમાં નિવૃત પિતાએ દીકરાને ઘરની જવાબદારી કેવી રીતે સોંપી તે જોઈએ.

**વાર્તા :**

રાત્રે ૧૧ વાગ્યા હતા. હજુ દેવાંગ અને તેની પત્ની આવ્યા ન હતા. લગ્ન પહેલા તો સમજ્યા દેવાંગ મોડો આવતો, પણ લગ્ન પછીનું આ તેનું શિડયુલ મને વાગતું હતું. યુવાન છોકરાને ટોકવા અંદરથી ગમતું ન હતું. એટલે હું ચૂપ રહી તમાશો જોતો રહેતો હતો.

મેં મારી મર્યાદા સાચવી રાખી હતી એટલે જ દેવાંગ કે તેની પત્ની ડિમ્પલ મારી સાથે માથાકૂટ કરતા કે ઉચ્ચા અવાજે વાત કરતા દસ વખત વિચાર કરતા. હું તેમની વ્યક્તિગત જીંદગીમાં કદી માથું મારતો ન હતો, તેનો મતલબ એ લોકો દિવસે દિવસે સ્વચ્છંદી બનતા જતા હતા. હવે તેમને તેમની મર્યાદા અને જવાબદારી બતાવવાનો સમય આવી ગયો હોય તેવું મને લાગતું હતું.

સ્મિતા પણ રોજ કહેતી છોકરા વિદેશ રહે કે અહીં રહે. બધું આપણા માટે તો સરખું જ છે. ઘરને ધર્મશાળા કે હોટલ સમજી ગયા છે. રોજ મોડા આવવાનું. વિકેન્ડના નામે ઘરની જવાબદારીઓ ઘરડા મા-બાપ ઉપર નાખી બહાર બે દિવસ ભાગી જવું. તેમની જરૂરિયાતો કીધા વગર બધી પુરી થાય છે એટલે મા-બાપ સાથે બે ઘડી બેસી તેની લાગણી કે તકલીફો જાણવાનો પ્રયત્ન પણ આ લોકો કરતા નથી.

સ્મિતા બહારથી દુઃખી હતી અને હું અંદરથી. એટલો જ માત્ર ફરક હતો. ભગવાનની કૃપાથી મને અને સ્મિતાને કાર અને એક્ટિવા આવડતા હતા. અમે નિવૃત થયા પણ શારિરીક ખડતલ હતા. અમારા દરેક કામ અમે જાતે કરતા. થોડા સમય પહેલા હું શાક લેવા ગયો ત્યારે એક્ટિવા ઉપરથી પડી ગયો હતો ત્યારે જાતે કાર ડ્રાઇવ કરી સ્મિતા મને ડોક્ટર પાસે લઈ ગઈ. રિપોર્ટ એક્સરે બધું તેણે કરાવ્યું પણ દીકરા વહુમાંથી કોઈ રજા લેવાનું નામ લેતા ન હતા.

આવા વર્તન વ્યવહારની નોંધ હું મૂંગા મોઢે લઈ રહ્યો હતો પણ સ્મિતાના વર્તન ઉપર આવવા લાગ્યું હતું. આજે જ્યારે રાત્રીના ૧૧ વાગે ડોર બેલ વાગી ત્યારે સ્મિતા બેડરૂમમાંથી બહાર આવી બારણું ખોલ્યું. સામે દેવાંગ અને ડિમ્પલ હસતા હસતા મસ્તી તોફાન કરતા ઘરમાં પ્રવેશ્યા. જાણે કોઈ કામવાળી બાઈએ બારણું ખોલ્યું હોય. નહિ સોરી, નહિ શરમ સંકોચ. તેથી સ્મિતાથી રહેવાયું નહીં એ બોલી બેઠી આ ઘર છે ધર્મશાળા નથી. ઘરમાં આવવા જવાનો સમય નક્કી કરો. મોડા આવવાના હોતો જાણ કરો. બાકી રોજ મોડા મોડા આવવું, શનિ રવિ બહાર જતું રહેવું એ યોગ્ય નથી. ઘર પ્રત્યે અને મા-બાપ પ્રત્યે પણ તમારી પણ કંઈક જવાબદારી અને ફરજ બને છે. ત્યાં દેવાંગ અને ડિમ્પલે સ્મિતાને સામે જવાબ આપ્યો, તો અમારે આખો દિવસ તમારી સામે હાથ જોડી બેઠા રહેવાનું. અમારી પણ દુનિયા હોય. હું બેડરૂમમાંથી બહાર આવ્યો. મેં કીધું સ્મિતા, રાત મોડી થઈ ગઈ છે ખોટી ચર્ચા કરી આજુબાજુના સાંભળે તેવો તમાશો નથી કરવો. તે લોકોની વાત સાચી તેમની અલગ પ્રકારની દુનિયા છે. નવરાં તો આપણે છીયે. મેં દેવાંગ સામે જોઈ કીધું બેટા દેવાંગ તારા શબ્દો મેં યાદ રાખ્યા છે, શબ્દોના બાણ તે છોડ્યા છે. યોગ્ય સમયે બાણ તારે જ પાછા ખેંચવા પડશે.

સ્મિતા ભીની આંખે બેડરૂમમાં આવી અને બોલી બધું તૈયાર માલે મળી ગયું તેની ચરબી ચઢી ગઈ છે. જાતે ઉભા થાય તો ખબર પડે. અહીં જાત ઘસી નાખી છે ઘર માટે સમીર. સમજે છે શું તેમના મનમાં મેં સ્મિતાના માથે હાથ ફેરવી કીધું ડાર્લિંગ દરેક વાતમાં જીભાજોડી ન હોય. અમુક વાતોનો જવાબ શાંતિ-સંયમથી અને યોગ્ય સમયે અપાય. જ્યાં આપણી લાગણીને નજર અંદાજ કોઈ પણ કરતા હોય ત્યાં લાગણી માટે ભીખ માંગવા કરતા આપણે આપણો રસ્તો બદલી લેવો એ ડાહી વ્યક્તિનું કામ છે. ભીખમાં માગેલ લાગણીનું આયુષ્ય કેટલું સ્મિતા ?. હવે પછીના ઘરના દરેક નિર્ણય હું લઈશ. તારે ચૂપ રહેવાનું છે.

બીજે દિવસે મેં છાપું વાંચતા વાંચતા કીધું દેવાંગ આપણા ઘરના તાળાની બે ચાવીઓ છે. હવે એક ચાવી તમે સાથે રાખજો. અમે ચોવીસ કલાક ઘરમાં રહેવા બંધાયેલ નથી અમારી પણ દુનિયા છે. હવે તમે પણ સમયથી બંધાયેલ નથી અને અમે પણ. હવેથી અમારા સમય કે દિવસનું ઠેકાણું નહીં આમેય નિવૃત વ્યક્તિ છીયે ઘરે કોણ અમારી

રાહ જોતું હોય..? ઘરે તાળું જોવો ત્યારે સમજી લેજો પપ્પા મમ્મી ફરવા ગયા છે. દેવાંગ જીણી નજરથી મને જોતો રહ્યો. એ સમજી ગયો પપ્પા હવે મેદાનમાં આવ્યા છે. મેં કીધું કાલ સવારથી હું અને તારી મમ્મી મોર્નિંગ વોક કરવા ગાર્ડમાં જવાના છીયે ત્યાંથી રોજ મંદિરે આરતીના દર્શન કરી પાછા આવશું. તમે તમારૂં નિત્યક્રમ પતાવી ઘરને તાળું મારી જતા રહેજો. અમે અમારા સમયે ઘરે આવશું. સાંજે પણ મંદિરની આરતી સત્સંગ કરી રોજ નવ વાગે ઘરે આવશું.

ઓફીસેથી વળતા શાક અને રસોડામાં ખૂટતી વસ્તુની યાદી બનાવી જાતે લેતા આવજો. હવે અમે ઘરની જવાબદારીમાંથી નિવૃત થવા માંગીએ છીયે. દેવાંગ અને ડિમ્પલ નીચું માથું કરી સાંભળી રહયા હતા. પપ્પા સીધી રીતે કહો ને તમારે અમને જુદા કરવા છે દેવાંગ બોલ્યો. એ તારી સમજ શક્તિ ઉપર આધાર રાખે છે. મેં ફક્ત ઘરની જવાબદારીઓ ટ્રાન્સફર કરી છે. ઘર ટ્રાન્સફર કરવાની વાત નથી કરી. તારા મમ્મી પપ્પા પણ નોકરી કરતા હતા. બધું જાતે જ કરતા હતા ને ? એ બન્ને ઓફીસે ગયા પછી મેં કીધું સ્મિતા હવે ઘરની જવાબદારીઓ ખબર પડશે. સવારે દૂધ વહેલું ઉઠીને લેવું, ઘરકામ કરવા આવશે ત્યારે આપણે ઘરમાં નહિ હોઈએ. સવારના ટિફિન અને રાત્રીના ડિનરની જવાબદારી હવે તેઓના માથે છે.

શુક્રવારે રાત્રે મને કારને સાફ કરતા જોઈ દેવાંગ બોલ્યો પપ્પા બહાર જવાની તૈયારી કરો છો. હા બેટા ' વિકેન્ડ' Weekend. શનિવાર-રવિવાર-સોમવાર-મંગળવારે અમે પાછા આવશું. આબુ અંબાજી. હું અને તારી મમ્મી જઇયે છીયે. બહુ દોડી દોડીને નોકરી કરી. તમારી દુનિયા હોય તેમ અમારી પણ દુનિયા હોય ને. જે યુવાની માં અમે ન કર્યું એ હવે કરશું. કહી હું ફરી કાર સાફ કરવા લાગ્યો.

દેવાંગ સમજી ગયો પપ્પા અમારા શબ્દો અમને પાછા આપે છે. આપણે પણ મા-બાપ છીયે બાળકોને દુઃખી કરી આપણે કદી સુખી ન થઈએ. પણ આ વિચાર બાળકોને પણ આવવો જોઇયે. દેવાંગ અને ડિમ્પલ દિવસે દિવસે થોડા કુણા પડતા જતા હતા. તેઓ એ બે મહિના ઘરની જવાબદારી સંભાળી એટલે ખબર પડી. કે પપ્પા મમ્મીની વાત ખોટી નથી.

એક દિવસ અમે શનિવારે સવારે સમાન લઈ કારમાં મુક્તા હતા ત્યાં દેવાંગ બોલ્યો પપ્પા ક્યાં જાવ છો. મેં હસતાં હસતાં કીધું વિકેન્ડ. પણ પપ્પા અમને શનિવાર રવિવાર તમારા વગર ઘરમાં ગમતું નથી. અમને અમારી ભૂલ સમજાણી છે. તમારી લાગણી અમે દુભાવી હોય તો માફ કરો.

અરે બેટા, અમારી લાગણી તો તમારા ઉપર એટલી જ છે જે પહેલા હતી. વાત ફક્ત બેજવાબદારીભર્યા વર્તન વ્યવહારની હતી. ઘરડા મા-બાપ કોઈ વખત તો તમારી સાથે બેસવા કે ફરવાની આશા રાખે કે નહીં ?

જો બેટા, અમે તો વિકેન્ડમાં હવે બહાર જવાના છીયે પણ એકલા નહિ, હવેથી તમે બન્ને પણ અમારી સાથે હશો. બેટા દેવાંગ અને ડિમ્પલ તમે તમારો સમાન પેક કરો. વીકેન્ડ હવેથી આપણે સાથે ઉજવશું.

દેવાંગ દોડીને મને ભેટી પડ્યો. અને ડિમ્પલ સ્મિતા ને ભેટી ને બોલી સોરી પપ્પા - મમ્મી.

મેં કીધું બેટા સોરી સાંભળવા અમે આ બધું નથી કર્યું. ઘર એક મંદીર છે, હોટલ નહિ. જીવનનો ક્યાં ભરોસો છે. સાથે જેટલો સમય રહેવાય એટલો રહેવા પ્રયત્ન કરો. પછી રૂપિયા ખર્ચવા છતાં નહિ એ સમય પાછો આવે કે નહિ એ વ્યક્તિઓ.

**સંકલિત**

---

## લીમડાનું દાતણ

મનુભાઈ મુંબઈ થી અમદાવાદ એમના વેવાઈ ને ત્યાં આવેલા. બપોરનું જમવાનું વેવાઈના ઘરે હતું. આસન પાટલા ગોઠવાઈ ગયા. મનુભાઈ અને વેવાઈ જમવા આસન પર બેઠા. વીણાબેન વેવાણે થાળી પીરસવાની ચાલુ કરી. પાટલા ઉપર થાળી, વાટકી ૨, ચમચી ૨,ગ્લાસ વિગેરે મુકાઈ ગયું. લાપસી, દૂધપાક, પૂરી, પરવળનું શાક, દાળ, ભાત, પાપડ, અથાણાં પીરસ્યા. સાથે થાળીમાં લીમડાના ૧૦ દાતણની ઝૂડી પણ મૂકી. મનુભાઈ આ ૧૦ દાતણની ઝૂડી જોઈ અચરજ પામ્યા. પરંતુ કશું બોલ્યા નહીં.

મનુભાઈ દાતણની ઝૂડી બાજુ પર મૂકી જમવાનું ચાલું કર્યું. જમીને હાથ ધોઈ સોફામાં બેઠા. મુખવાસ ખાધો. સમાજની વાતો કરી. પછી શાંતિથી વેવાઈને પૂછ્યું, વેવાઈ આ જમવાની થાળીમાં લીમડાના ૧૦ દાતણની ઝૂડી મૂકવાનું શું કારણ?

વેવાઈ એ વિસ્તારથી જવાબ આપ્યો કે ''મનુલાલ હું એકવાર અમારા સાઢુભાઈ સુમતિલાલને ત્યાં ગયો હતો, હું એમના ત્યાં જમવા બેઠો તો મારી થાળીમાં બાવળના ૯ દાતણ મૂક્યાં. એટલે મેં અહીં એક દાતણ વધારે એટલે ૧૦

અનુસંધાન પાન ૧૯ ઉપર

**જ્ઞાતિને સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

### શ્રી પૂજ શ્રી જીનેન્દ્ર સાગરસૂરીશ્વરજી મ.સાને સાર્ધશતાબ્દિ મહોત્સવ નિમિત્તે સ્મરણાંજલિ

ખાનદેશ – મહારાષ્ટ્રના ધુલિયા (ધુળે) નગરે સ્થિત શ્રી કદઓ જૈન વિદ્યાર્થી ગૃહ સંચાલિત શ્રીજી સ્કૂલ ખાતે શ્રી પૂજ શ્રી જિનેન્દ્ર સાગરસૂરિશ્વરજી મ.સા.ના અર્ધશતાબ્દિ મહોત્સવ પ્રસંગે સંચાલક મંડળના પદાધિકારીઓ, શિક્ષકવૃંદ, સ્ટાફ અને વિદ્યાર્થીઓ દ્વારા સ્મરણાંજલિ આપવામાં આવી હતી.

ઉપરોક્ત અંગ્રેજી માધ્યમની શાળાની સ્થાપના પ.પૂ. શ્રી ક્ષમાનંદજીશ્રીજી મ.સા. દ્વારા કરવામાં આવી હતી. હાલ પ.પૂ. યતિ શ્રી મોતીસાગરજી મ.સા. શાળાના ચેરમેન છે. આ શાળામાં કદઓ જૈન વિદ્યાર્થીઓને સંપૂર્ણ ફી માફી અને જૈનેતર વિદ્યાર્થીઓને ૨૫ ટકા ફી માફીની વ્યવસ્થા છે.

### કેડીઓ કલાસિકની રજતજયંતી

કેડીઓ કલાસિક સંસ્થાની રજત વર્ષિય ઉજવણી ગોલવડ ખાતે આયોજિત થઈ હતી. ૧૯૯૬માં સ્થાપનામાં આવેલું આ સંગઠન જ્ઞાતિ માટે મેડિકલ અને શૈક્ષણિક ક્ષેત્રે સેવા આપે છે.

ઉલ્લેખનીય છે કે અત્યાર સુધીમાં કેડીઓ કલાસિક દ્વારા જ્ઞાતિના જરૂરિયાતમંદ એવા ૩૦૦૦ થી વધુ સભ્યોને ફ્રી મોતિયાબિંદુ (કેટેરેક્ટ) ઓપરેશન કરાવી આપવામાં આવ્યા છે. કાર્યક્રમમાં આઈ સર્જન ડૉ. દેવસ્થલી તથા ડેન્ટલ સર્જન ડૉ. અમી શાહ ખાસ આમંત્રિત મહેમાન હતાં.

### શ્રી રાણપર તીર્થની ૧૩૦મી ધ્વજારોહણ

કચ્છ અબડાસા – કંઠી પ્રદેશોની તીર્થયાત્રા સોમવાર, તા.૩૦.૦૧.૨૦૨૩ થી ગરૂવાર, તા.૦૨.૦૨.૨૦૨૩ દરમ્યાન આયોજિત કરી છે. ચાર દિવસીય જિનેન્દ્ર ભક્તિ મહોત્સવ પ્રસંગે સસ્નેહ નિમંત્રણ આપીએ છીએ. નિઃશુલ્ક ચૈત્ય પરિપાટી : શ્રી જખૌ તીર્થ, શ્રી નલિયા તીર્થ, શ્રી તેરા તીર્થ, શ્રી કોઠારા તીર્થ, શ્રી સુથરી તીર્થ, શ્રી સાંધાણ તીર્થ, શ્રી શેરડી તીર્થ, શ્રી દેઢીયા તીર્થ, શ્રી શીવમસ્તુ તીર્થ, શ્રી ૭૨ જિનાલય તીર્થ. વધુ માહિતી માટે સંપર્ક : જીજ્ઞેશ ચંદ્રકાન્ત લોડાયા – ૯૮૩૩૪૩૨૨૫૧

### પરબ શક્તિ સંજીવની સોસાયટી

સંસ્થા દ્વારા દિવાળી પ્રકલ્પ અંતર્ગત, આ વર્ષે પણ પોતાના કળા–કૌશલને લઘુ ઉદ્યોગનું સ્વરૂપ આપવા ઉત્સુક એવી મહિલા સાહસિકોને પ્રોત્સાહન તથા પીઠબળ આપવાના હેતુથી તેમના ઉમદા, વૈવિધ્યપૂર્ણ વ્યંજનોને એકઠાં કરી, એક અનન્ય 'ગિફ્ટ હેમ્પર'ના રૂપમાં મૂક્યાં. સ્વાસ્થ્ય અને શક્તિવર્ધક, પોષક તત્વોથી બનેલા કાંટલા કૂકીઝ, ડ્રાય ફ્રુટ ટ્રેઇલ, લાઇમ એન્ડ લેમની કાજુ, અને શુભ લાભનું શુકનવંતું ચિન્હ – આ સઘળીએ વસ્તુઓને એકત્રિત કરી, ખાસ ડિઝાઇન કરેલી શણ (જ્યુટ)ની થેલીમાં અત્યંત આકર્ષક પેકેજીંગ કરીને પરબે આગવી રીતે પ્રસ્તુત કર્યાં જેને ગ્રાહકો તથા ઉપભોક્તાઓએ સારો પ્રતિસાદ આપ્યો.

### તેરા તીર્થે શ્રી શામળીયા જિનાલય દ્વિશતાબ્દિ

તા. ૨૦.૧૧.૨૦૨૨ના તેરા ટ્રસ્ટના ટ્રસ્ટીઓની એક મિટીંગ અને મુંબઈ પ્રદેશના કાર્યકર્તા સહ શ્રી તેકુલાધુ જૈન યુવક સંઘ મુંબઈના નવા – જુના પદાધિકારીઓનું એક સ્નેહમિલન શેઠશ્રી ભવાનજી અરજણ સંકુલ, શ્રી વિરજી લધાભાઈ જૈન વિદ્યાર્થીગૃહ ઘાટકોપર મધ્યે યોજવામાં આવ્યું હતું. જેમાં શ્રી તેકુલાધુ જૈન યુવક સંઘ, મુંબઈ અને શ્રી તેકુલાધુ મહિલા મંડળના પદાધિકારીઓ – કમિટી મેમ્બરની નિમણુંક અને તા. ૨૭ થી ૩૧ ડિસેમ્બર ૨૦૨૩ના રોજ તેરા તીર્થે યોજાનાર શ્રી શામળીયા જિનાલય દ્વિશતાબ્દિ મહામહોત્સવ અંગે ચર્ચા વિચારણા કરી વિવિધ નિર્ણયો લેવામાં આવ્યાં હતાં. ઉપરોક્ત મહોત્સવના મુખ્ય સલાહકાર, સંયોજનકાર અને માર્ગદર્શન તરીકે નવકાર મંત્ર


**HOME FOR SALE**

Semi Furnished in Dombivli West, Mahatma Phule Road

1 Bedroom, Hall, Kitchen

***on 2nd floor with Lift Facility, Walking Distance from Station***

***24 Hours drinking Water***

**Contact No. 87799 88270**


**એક પાનાના વાર્ષિક શુભચિંતક દાતા : જયેશ દામજી નથુભાઈ દંડ – મંજલ રેલડીયા (મુલુંડ)**

આરાધક, ૨૭ વર્ષીતપના તપસ્વી શ્રી નરેન્દ્રભાઈ નંદુ અને તેમની (કચવન્ન-મેઘ) બંધુ બેલડીની નિમણૂંક કરવામાં આવી.

### બેનમૂન રંગોળી આર્ટિસ્ટ પ્રીતીબેન છેડા

વરાડિયાના ભાટાપારા છતીસગઢ નિવાસી શ્રીમતી પ્રીતીબેન યશવંત છેડા રંગોળી કળા માટે ખૂબ પ્રસિદ્ધ થયા છે. એમની રંગોળી જોવા દૂરદૂરથી દર્શકો પધારે છે. બહુમુખી પ્રતિભાશાળી પ્રીતીબેન શાસકીય હાયર સેકેન્ડરી સ્કુલમાં એકાઉન્ટ વિષયના વ્યાખ્યાના અને ભાટાપારા ગુજરાતી સમાજના મહિલા વિભાગના પ્રમુખ છે.

### શ્રી દક્ષેશભાઈ શાહ - મોટી સિંઘોડી (રાયપુર)

શ્રી દક્ષેશ રાયચંદ લોડાયા (શાહ) આપણી જ્ઞાતિના પ્લાસ્ટિક સર્જન છે. તેમની નિમણુક ડી.કે.એમ. સરકારી સુપર સ્પેશીયાલીટીના અંગ પ્રત્યારોપણ (Organ Transplant)ની છ સભ્યોની કમિટીમાં થઈ છે.

### અખિલ ભારત અચલગચ્છ જૈન સંઘની ચૂંટણી

શ્રી અખિલ ભારત અચલગચ્છ (વિધિ પક્ષ) શ્વેતાંબર જૈન સંઘની સંવત ૨૦૭૯થી ૨૦૮૧ સુધીની ત્રણ વર્ષની ટર્મ માટે ટ્રસ્ટીઓ અને વ્યવસ્થાપક સમિતીની બિનહરીફ ચૂંટણી યોજાઈ ગઈ છે. એમ ચૂંટણી સમિતિના સોલીસીટર હરખચંદભાઈ કુંવરજી ગડા (બાડા)-વરલી, સીએ નવીનભાઈ પ્રેમજી દેઢીઆ (ગઢશીશા)- થાણા તથા ડોલર પ્રતાપભાઈ શાહ (લોડાયા-સુથરી)- મુલુંડ તરફથી જાહેર કરવામાં આવ્યું છે.

### શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ - મુંબઈ

શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ મુંબઈ દ્વારા સમસ્ત જૈન સમાજ માટે ૩૦મો સમુહ લગ્નોત્સવ તા. ૧૦ અને ૧૧ ડિસેમ્બરના આદિપુર - કચ્છ ખાતે યોજાઈ રહ્યો છે. આ સમુહ લગ્નોત્સવમાં ૧૩ યુગલ પરિણય સૂત્રે બંધાશે.

### સર્વોદય મહિલા મંડળ તરફથી બાળકૃતિઓનું પ્રદર્શન

શ્રી કદઓ જૈન સર્વોદય મંડળ મુલુંડના મહિલા વિભાગે તાજેતરમાં બાળકોએ બનાવેલી ચીજ વસ્તુઓનું પ્રદર્શન વેચાણ મેળાનું આયોજન ૧૪ જાન્યુઆરી ૨૦૨૩નું કિડ્ઝ એક્ઝીબીશન - ૨ હેઠળ કરાશે. આ પ્રદર્શની - વેચાણમાં પાંચથી ૧૫ વર્ષના વયજૂથના બાળકો સ્ટોલ રાખી શકશે. ભાગ લેવા ઈચ્છુક જ્ઞાતિજનોએ રાની નાગડા (૯૩૨૪૫ ૪૪૫૨૪) અને રીના લોડાયા (૯૮૨૦૬ ૫૭૭૬૪)નો સંપર્ક કરવો.

### 'ઈન્ડીયા બાય બુક' પ્રદર્શનીમાં વીરચંદ ધરમશી

ગોવામાં ૧૫ થી ૨૩ ડિસેમ્બર ૨૦૨૨ દરમિયાન યોજાનારા સેરેન્ડી પીટી આર્ટસ ફેસ્ટીવલમાં 'ઈન્ડીયા બાય બુક ઈન ટવેન્ટી ફર્સ્ટ સેંચ્યુરી' પ્રદર્શનીમાં વીરચંદભાઈ ધરમશીનું પુસ્તક 'ભગવાનલાલ ઈન્દ્રજી - ફર્સ્ટ ઈંડિયન આર્ચરોલોજીસ્ટ' પસંદ કરવામાં આવ્યું છે. આ પ્રદર્શનીમાં રજુ કરવા માટે એવા પુસ્તક પસંદ કરાયા છે જે ભારત વિષયક ઐતિહાસિક મહત્વના સિનેમા, ફોટોગ્રાફી, પેઈન્ટીંગ, ડિઝાઈન, ટેક્સ્ટાઈલ્સ, આર્કીટેક્ચર, ઈકોલોજી, પ્રકૃતિ અને ઈતિહાસ અંગેની વિષય વસ્તુ લઈને લખાયા હોય. આપણી જ્ઞાતિ માટે તેમજ જ્ઞાતિજનોની દૃષ્ટિએ આ ખૂબજ મહત્વની અને ગૌરવદાયી ઘટના છે. વીરચંદભાઈને પ્ર.સ.ના અભિનંદન.

### અચલગચ્છ યુવક પરિષદ શિબિર

શ્રી અખીલ ભારત અચલગચ્છ યુવક પરિષદ ૨૫ ડિસેમ્બર ૨૦૨૨થી ૧ જાન્યુ. ૨૦૨૩ના સાત દિવસ દરમિયાન એક નિવાસીય કાર્યશાળા (શિબિર)નું આયોજન કર્યું છે. વહેલો તે પહેલોના ધોરણે માત્ર ૧૦૦ જણ લેવામાં આવશે. ૧૫ થી ૪૫ વર્ષની ઉંમરના અચલગચ્છ સભ્યોએ મનોજ - ૯૮૩૩૦૩૯૯૮૦, ભાવેશ - ૯૯૮૭૪ ૦૭૫૨૭ પાસે નામ નોંધાવી લેવા. શિબિર સ્થળ આસનગાંવ સ્ટેશનથી ૨૨ કિ.મી.ના અંતરે આવેલા હિલ સ્પોટ રિસોર્ટ છે.

### અરિહંત બેન્કની ચૂંટણી

શ્રી અરિહંત કો. ઓ. બેન્ક લિ.ના ડિરેક્ટરોની ચૂંટણી તા. ૨૫ ડિસેમ્બર ૨૦૨૨ના રોજ યોજાશે.

### કદઓ જૈન જ્ઞાતિ મહાજન મુંબઈ આયોજિત સમુહ લગ્નોત્સવ

રવિવાર, તા. ૨૭.૧૧.૨૦૨૨ના રોજ મુંબઈ મહાજન દ્વારા પંચવર્ષીય દાતાઓના સહયોગથી ૮૦મા સમુહ લગ્નોત્સવ સફળતાપૂર્વક સંપન્ન થયો. નવદંપતિને સુંદર લગ્ન જીવન માટે પ્ર.સ. તરફથી શુભેચ્છા.

### રંગપુર સ્નેહમિલન

